ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# સે. ૨૧ના માર્કેટમાં દિવાળીની ભારે ભીડ

**સે-૨૧ શોપિંગના વેપારીઓને દિવાળી : દુકાનોમાં ઐતિહાસિક ભીડ જામી : શોપિંગ વિસ્તારમાં વાહનોનો ખડકલો થયો : મુલાકાતીઓને જગ્યા ન મળતા વાહનોની કતાર સે-૨૦ સુધી પહોંચી : સેકટરના રહેણાંક વિસ્તારમાં પણ વાહનોનો ખડકલો થયો : ગ્રાહકોને દુકાનમાં પ્રવેશવા માટે વેઇટીંગ : વેપારીઓને બપોરના ટીફીન માટે પણ સમય ન મળ્યો : ન્યુ ગાંધીનગરમાં અનેકવિધ શોપિંગ બજાર વચ્ચે પણ સે-૨૧ હજુ પણ નગરજનો માટે પ્રથમ પસંદગી**







ગાંધીનગર તા ૩૧

શહેરના શોપિંગ બજારમાં આજે દિવાળી જોવા મળી હતી. કોરોના કપરા કાળમાં છેલ્લા ઘણાં સમય બાદ સે-૨૧ માં ઐતિહાસિક ભીડના દ્રશ્યો જોવા મળ્યા હતા. દુકાનમાં એન્ટ્રી લેવા માટે પણ ગ્રાહકોએ હોટલ રેસ્ટોરન્ટની જેમ વેઈટીંગ ફોલો કરવુ પડ્યુ હતુ. વેપારીઓના મતે આટલા વર્ષોમાં પ્રથમવાર આટલી બધી ભીડ બજારમાં પ્રથમવાર જોવા મળી હતી. સેકટરમાં ટ્રાફિક જામના દ્રશ્યો વચ્ચે વાહન પાર્કીંગ માટે પણ જગ્યા ખુટી પડી હતી. મુલાકાતીઓના વાહનોની કતાર સે-૨૦ સુધી પહોંચી હતી. જયારે પાર્કીંગમાં પણ આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાઇ હતી. રંગોળીના રંગ થી માંડી કપડા, ઘર સુશોભન અને મીઠાઇ ફરસાણ સહીતની ખરીદીમાં આખો દિવસ સતત ભીડ જોવા મળી હતી. વેપારીઓ પાસે બપોરનુ ટીફીન પણ સ્કીપ કર્યુ હતુ. ન્યુ ગાંધીનગરમાં અનેકવિધ શો રૂમ અને મોલ્સ અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સે-૨૧ શોપિંગ સેન્ટર શહેરીજનોની પ્રથમ પસંદગી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.

શહેરના શોપિંગ બજારમાં અનોખી રોનક જોવા મળી રહી છે. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષમાં પ્રથમવાર બજારમાં હૈયે હૈયુ દળાય તેવી ભીડ જામી છે. નગરના શોપિંગ બજારમાં નજર નાંખો ત્યાં ભીડના દ્રશ્યો જોવા મળે છે. દિવાળીના તહેવાર આજથી શરૂ થઇ ગયા છે.જયારે રજાના રવિવારે કર્મચારીઓના બોનસ અને પગાર પણ થઈ જતા બજારમાં તેજીનો તિખારો જોવા મળ્યો છે. વેપારીઓ પણ આ સ્થિતિ વચ્ચે આનંદોની મુદ્રામાં જોવા મળ્યા હતા. શહેરના સે-૨૧ શોપિંગ સેન્ટરમાં એટલી હદે ભીડ જોવા મળી હતી કે દુકાનમાં પણ પગ મુકવાની જગ્યા ન હતી. દિવસ દરમિયાન સવારથી જ બજારમાં વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે નગરજનો ઉમટી પડયા હતા. નગરના મુખ્ય સે-૨૧ શોપિંગ સેન્ટરમાં કાર પાર્ક કરવાની પણ જગ્યા ન હતી. સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપિંગમાં આખો દિવસ ટ્રાફિક



જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. સેકટરમાં આમ પણ પાર્કીંગ વ્યવસ્થા પર્યાપ્ત નથી ત્યારે આ સ્થિતિ વચ્ચે મુલાકાતીઓએ કાર્સની કતાર ખડકી દીધી હતી. સે-૨૧ના મુલાકાતીઓનુ પાર્કીંગ સે-૨૦ સુધી પહોંચ્યુ હતુ. શોપિંગમાં આવતા મુલાકાતીઓ માટે સૌથી મોટો પ્રશ્ન વાહન પાર્કીંગનો બન્યો હતો. બીજીતરફ વેપારીઓ પાસે પણ બપોરે જમવા માટેની ફુરસદ કાઢવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ. દિવસ દરમિયાન શોપિંગમાં કપડાની , ચપ્પલ બુટની ખરીદી માટે દુકાનોમાં એન્ટ્રી લેવા માટે પણ રાહ જોવી પડે તેવી સ્થિતિ સર્જાઇ હતી. ન્યુ ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ પણ હજુ સે-૨૧ શોપિંગ સેન્ટરનો દબદબો યથાવત છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયમાં અનેક મોલ્સ તેમજ કોર્મશિયલ કોમ્પલેક્ષ ઉભા થયા છે આમછતા ખરીદી માટે હજુ સે-૨૧ નગરજનોની પસંદગીના લીસ્ટમાં હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. દિવાળીના તહેવારો શરૂ થતા પુર્વે આજે રજાના દિવસે સે-૨૧ સહીત સે-૭ અને સે-૨૪ માં પણ બજારમાં પ્રત્યેક દુકાનમાં ભીડના દ્રશ્યો જોવા મળ્યા હતા.

નગરજનોએ રંગોળીના રંગથી માંડીને કપડા , ચપ્પલ , ઘર સુશોભન, ફટાકટા તેમજ મીઠાઈ અને ફરસાણની દીલ દઈને ખરીદી કરી હતી. કોરોના કાળમાં ગત દિવાળીમાં પણ ભીડ રહી હતી પરંત વેપારીઓએ જોઈએ તેવો ધંધો ન થયો હોવાની નારાજગી પણ વ્યકત કરી હતી. જયારે આજના દિવસે સે-૨૧ માં ખરીદીને અનુલક્ષી ઐતિહાસિક ભીડના દ્રશ્યો જોવા મળ્યા હતા. સ્થાનિક વેપારીઓના જણાંવ્યા મુજબ આટલા વર્ષોમાં એક જ દિવસે આટલી બધી ઘરાકી ખુલે તેવો આ પ્રથમ દિવસ હતો. અલબત્ત વેપારીઓએ પણ કોરોના કાળમાં લાંબા સમયના અંતે દિલ દઈને વેપાર કર્યો હતો. બીજીતરફ દુકાનમાં સતત ભીડના લીધે કેટલાક ગ્રાહકોએ આજે ખરીદી કરવાનુ પણ ટાળ્યુ હતુ. છેલ્લા પાંચ વર્ષમાં ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ અનેકવિધ દુકાનો, શો રૂમ તેમજ મોલ પણ અસ્તિત્વમાં આવ્યા છે. ત્યારે સે-૨૧ ના ડિસ્ટ્રીકટ શોપિંગમાં આજે દિવાળીની ધામધુમ દેખાઈ હતી. બજારમાં સવારથી જ ભીડ ભીડ ના દ્રશ્યો વચ્ચે શાનદાર તેજી જોવા મળી હતી. જયારે પાર્કીંગમાં આજા ફસાજા જેવી સ્થિતિ રહી હતી. કેટલાક મુલાકાતીઓને પાર્કીંગ ન મળતા આંતરિક રહેણાંક વિસ્તારમા પણ કારનો ખડકલો થયો હતો. રાત્રિના સમયે પણ બજારમાં ભીડના દ્રશ્યો યથાવત રહ્યા હતા. નગરના મુખ્ય શોપિંગ સેન્ટર સાથે સેકટરોમાં અન્ય શોપિંગ બજારમાં પણ સતત ટ્રાફિકના ધમધમાટ વચ્ચે મુલાકાતીઓની અવરજવર ચાલુ રહી હતી. નગરજનોમાં ખરીદી કરવા માટે ઉત્સુકતા જોવા મળી હતી.


મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૨
તા. ૦૧-૧૧-૨૦૨૧ થી ૩૦-૧૧-૨૦૨૧

ભારતનું ચૂંટણી પંચ
www.eci.gov.in

વ્હાલા મતદારો,
બસ થોડી મિનિટ ફાળવો
મોબાઈલ એપ અથવા ઓનલાઇન માધ્યમથી મતદાર સેવાઓ મેળવો

☑ મતદારયાદીમાં નામ નોંધણી
તા. ૧ - ૧ - ૨૨ ના રોજ આપની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ થતી હોય તો મતદાર તરીકે ચોક્કસ નોંધણી કરાવો.
અથવા
☑ તમારા સરનામાંમાં ફેરફાર કરાવવા
જો તમે તાજેતરમાં તમારું રહેઠાણ બદલ્યું હોય તો
અથવા
☑ મતદાર ઓળખપત્રમાં સુધારો કરાવવા
જો મતદાર ઓળખપત્રમાં તમારી વિગતમાં કોઈ ભૂલ હોય તો



મતદાર સેવાઓ મેળવવાનું હવે છે બહુ આસાન

ખાસ ઝુંબેશના દિવસો

| ૧૪-૧૧-૨૦૨૧ | ૨૧-૧૧-૨૦૨૧ | ૨૭-૧૧-૨૦૨૧ | ૨૮-૧૧-૨૦૨૧ |
|---|---|---|---|
| રવિવાર | રવિવાર | શનિવાર | રવિવાર |

સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા દરમિયાન
આપના વિસ્તારના મતદાન મથક ખાતે બી.એલ.ઓ. નો સંપર્ક કરો

વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ ડાઉનલોડ કરીને અરજી કરો
વેબસાઈટની મુલાકાત લો www.voterportal.eci.gov.in or www.nvsp.in
મતદાર સુવિધા કેન્દ્ર અથવા આપના બી.એલ.ઓ.નો સંપર્ક કરો
૧૯૫૦ વોટર હેલ્પલાઇન

કોઈ પણ મતદાર રહી ન જાય

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
www.ceo.gujarat.gov.in
CEOGujarat | CEOGujarat | gujaratceo


# શહેરમાં મોસમની વિક્રમી ઠંડી

**શહેરમાં ૨૪ કલાકમાં છ ડિગ્રી પારો ગગડતાં ઠંડીનો ચમકારો તીવ્ર બન્યો**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં ઠંડી જમાવટ કરી રહી છે. લઘુત્તમ તાપમાન ૧૨ ડિ.સે. સુધી ગગડતા ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. નવેમ્બર મહિનો શરૂ થઈ રહ્યો છે ત્યારે ધીમે ધીમે ઠંડી વધી રહી છે.

નવરાત્રી બાદ ઠંડીમાં જમાવટ આવી રહી છે. ગાંધીનગર શહેરમાં આજે મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં ૬ ડિગ્રી જેટલુ ગગડ્યુ હતુ.

ગઈકાલે ૩૦મી ઓકટોબરના રોજ લઘુત્તામ તાપમાન ૧૮ ડિગ્રી હતુ જે આજે

**લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી**

૧૨ ડિગ્રી નોંધાયું છે. એક જ દિવસમાં પારો ખૂબ નીચો પહોંચી જતાં મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી.

ઉત્તરભારતમાં ઘણા ભાગોમાં હાલમાં બરફવર્ષા થઈ રહી છે જેની સીધી અસર હાલમાં ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારોમાં ઠંડીનો પારો સડસડાટ નીચે ઉતર્યો હતો. ગાંધીનગરમાં ઠંડીની અસર સૌથી વધુ જોવા મળી હતી. સાંજ પડતાં જ ઠંડા પવનો શરૂ થઈ ગયા હતા. ઘરની બહાર નીકળો એટલે ઠંડીની અસર વર્તાતી હતી. ટુ-વ્હીલર પર ઘરની બહાર નીકળો તો ઓઢવુ પડે તેવી ઠંડી લાગતી હતી. વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. મહત્તમ તાપમાન પણ ઘટ્યુ હતુ. મહત્તમ તાપમાન ગઈકાલે ૩૫ ડિ.સે. નોંધાયુ હતુ જે આજે બે ડિગ્રી જેટલુ ગગડીને ૩૩.૫ ડિ.સે. નોંધાયુ હતુ. આગામી એકાદ-બે દિવસમાં ઠંડીમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. હવામાન વિભાગે આ વર્ષે વધુ ઠંડી પડવાની આગાહી વ્યક્ત કરી છે.

# જિલ્લામાં કુપોષણની સમસ્યાએ પુનઃ ભરડો લીધો

**૧૫ થી ૧૯ વર્ષની વયજૂથની તરૂણીઓમાં એનીમીયાનું પ્રમાણ પણ વધુ જણાયુ : નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૫ ના ચોંકાવનારા તારણ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં પુનઃ કુપોષણની સમસ્યા એ પડકાર બનીને ઉભરી આવી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ ના તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં જિલ્લામાં કુપોષણમાં થયેલા વધારાના સંકેત આપે છે.

૬ મહિનાથી પાંચ વર્ષના બાળકોમાં કુપોષણ ૮૧.૨ ટકા જેટલુ જોવા મળ્યુ હોવાનું જણાવ્યુ છે જે નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૪ ના પરિણામોની તુલનામાં વધારે છે.

નેશનલ ફેમીલી હેલ્થ સર્વે ૨૦૧૯-૨૦માં કરવામાં આવ્યો હતો અને તેના પરિણામો જાહેર થયા છે. જિલ્લામાં જ નહિ પણ રાજ્યમાં કુપોષણની સમસ્યાએ ફરી ભરડો લીધો છે. નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૫ ના તારણોએ રાજ્ય સરકાર પણ ચૌંકી ઉઠી છે. સરકારે આ બાબતે સંબંધિત વિભાગોને આ દિશામાં પુનઃ અસરકારક કામગીરી કરવા માટેની સૂચનાઓ પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫ થી ૧૯ વર્ષની વયજૂથની તરૂણીઓમાં પણ એનીમીયાથી પિડાતી તરૂણીઓની સંખ્યા વધી હોવાનું જણાઈ આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાનો સંબંધ છે ત્યાં સુધી ૧૫ થી ૧૯ વર્ષની વયજૂથની તરૂણીઓમાં ૭ ટકા જેટલી તરૂણીઓ એનીમીયાથી પિડીત હોવાનું તારણ સામે આવ્યું છે.

કુપોષણ સમસ્યા જે રીતે ઉભરી આવી છે તેથી ચિંતીત બનેલ સરકારે આ દિશામાં ઝડપથી રોડમેપ તૈયાર કરવા ઉપરાંત પોષણ અભિયાન યોજનાનું અસરકારક અમલીકરણ થાય તે જોવામાં આવે તેમ કહ્યુ છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આખા દેશમાં ગુજરાતમાં જે રીતે આ સમસ્યા સામે આવી છે તે ખુબ જ ચિંતાજનક છે. દિપાવલી પર્વ પછી ખુલતી ઓફિસો વેળાએ આ દિશામાં તેનુ ધ્યાન કેન્દ્રીત કરી અને ઝડપથી આ સમસ્યાને નાથવા માટેના સઘન પગલાં લેવામાં આવશે.

રાજ્ય સરકારે નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૫ ના પરિણામોને લઈ જિલ્લાઓને પણ તાકીદે રોડમેપ તૈયાર કરવાની સૂચનાઓ આપી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. ગુજરાતમાં ૬ મહિનાથી પાંચ વર્ષની આયુ ધરાવતા કુપોષિત બાળકોની સંખ્યામાં નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૪ ની તુલનામાં સર્વે. ૫ માં ૧૦ ટકાથી વધુનો વધારો થયો હોવાનું તારણ છે.

બીજી તરફ મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં શહેરીકરણ વધતાં જંડફૂડે બાળકોના આહારમાં સ્થાન જમાવ્યુ હોવાથી આ સમસ્યા વધુ વકરી છે. શહેરી વિસ્તારમાં જ કુપોષિત બાળકોની સંખ્યા વધુ હોવાનું પણ એક તારણ છે.

ગાંધીનગર જિલ્લામાં ૪૨ ટકાથી વધુ વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરી રહી છે. શહેરમાં ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલમાં વિકાસ ઝડપી બન્યો છે એટલુ જ નહી વસ્તીનું ભારણ પણ અહિ વધુ જોવા મળી રહ્યું છે.

## ચીટનીસ મેણાતને ડેપ્યુટી કલેક્ટર તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા.૩૧

રાજ્ય સરકારે ૧૩ જેટલા મામલતદાર સંવર્ગના અધિકારીઓને નાયબ કલેક્ટર તરીકે બઢતી આપતા હુકમો જારી કર્યા છે. આજે જેમને બઢતી આપવામાં આવી છે તેમાં મોટાભાગના અધિકારીઓને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર કલેકટર ઓફીસમાં ચીટનીસ તરીકે ફરજો બજાવતા કે. ટી. મેણાતને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કચ્છ તરીકે મુકવામાં આવ્યા છે.

કલેક્ટર કચેરીમાં વધુ એક અધિકારીની ઘટ ઉભી થવા પામી છે. ૪ જેટલા ડેપ્યુટી કલેક્ટર અને બે મામલતદારોની જગ્યા ખાલી છે.


TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV,
LCD TV
રીપેરીંગ માટે ફોન
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com